"વ્હાલી દિકરી" યોજનાની જોગવાઈઓમાં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:- મસક-૧૩૨૦૧૯-૧૧૮૧-અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) મહિલા બાળ વિકાસનો તા.૧૯/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ ક્રમાંક:- મસક-૧૩૨૦૧૯-૧૧૮૧અ

(૨) કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૨/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:- કમબ-વઅસ-૪૬૫૬

**ઠરાવ**

વંચાણ-(૧) હેઠળના ઠરાવથી "વ્હાલી દિકરી" યોજના રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે. વંચાણ (૨) હેઠળના પત્રથી કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીએ ઉકત યોજનાની જોગવાઈઓમાં સુધારા કરવા દરખાસ્ત કરેલ, જે અંગે વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

વ્હાલી દિકરી યોજનાના લાભાર્થી આંગણવાડી કેન્દ્ર/સીડીપીઓ કચેરી/જન સેવા કેન્દ્ર ઉપરાંત E-gram સેન્ટર પર અરજી જમા કરાવી શકશે ઉપરાંત www.digitalgujarat.gov.in પરથી ઓનલાઈન અરજી પણ કરી શકશે.

આ યોજનાની અરજી ઈ-ગ્રામ કેન્દ્રો/ઓનલાઈન મારફત કરવા માટે સુનિશ્ચિત કાર્યપ્રણાલી (Standard Operating Procedure) કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા નિર્ધારિત કરવાની રહેશે તેમજ જરૂરી આનુષાંગિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઈ-ગ્રામ કેન્દ્રો મારફત મળતી સેવા અરજી દીઠ રૂ.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) લેખે પુરી પાડવામાં આવશે ઈ-ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા વસુલ કરવામાં આવનાર રૂ. ૨૦ની આંતરીક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક – VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ. ૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ. ૦૪/- |
| | કુલ | રૂ. ૨૦/- |

વંચાણ (૧) વાળા ઠરાવનાં મુદ્દા-સી-(૪) મુજબ મહાનગર પાલીકા/નગર પાલિકાનો જે વિસ્તાર આંગણવાડી વિસ્તાર/ કોઇપણ સેજાની મુખ્ય સેવિકા/ સી.ડી.પી.ઓ કચેરીના કાર્યક્ષેત્ર અંદર આવતો નથી તે વિસ્તારોમાં ઓફલાઈન મોડથી અરજી કરવા માંગતા અરજદારોએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીએ અરજી કરવાની રહેશે મહિલા અને બાળ અધિકારીએ સંબંધિત કચેરીના ફિલ્ડ ઓફિસર મારફત ઘર તપાસની કામગીરી કરી દિન-૪૫ માં અરજી મંજુર/નામંજુર કરવાની રહેશે.

વંચાણ (૧) વાળા ઠરાવના મુદ્દા સી-(૫)(૩)માં માતા-પિતાનું જન્મ પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ કરેલ છે. તે આથી રદ કરવામાં આવે છે અને તેના બદલે દંપતીની લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ આથી ઉમેરવામાં આવે છે.

વંચાણ (૧) વાળા ઠરાવમાં મુદ્દા સી-(૫)(૪)માં માતા-પિતાની આવક અંગે મામલદાર/તાલુકા વિકાસ અધિકારી ચીફ ઓફિસર ઉપરાંત ગ્રામ પંચાયત તલાટી દ્વારા આપેલ પ્રમાણપત્ર પણ માન્ય રાખવાનું રહેશે.

વંચાણે લીધા (૨) આગળના ઠરાવથી નિયત કરેલ અરજી પત્રકની સાથે પુરાવાનું ચેકલીસ્ટ આથી નીચે મુજબનું રહેશે

(૧) લાભાર્થિ દિકરીના માતા પિતાની સંયુકત આવક અંગેનો ચીફ ઓફીસર/મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી પૈકી કોઈપણ એકનો દાખલો

(૨) લાભાર્થી દિકરીના માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર

(૩) લાભાર્થી દિકરીના આધાર કાર્ડની નકલ (જો હોય તો)

(૪) માતાનું આધારકાર્ડ

(૫) પિતાનું આધારકાર્ડ

(૬) રેશનકાર્ડ

વંચાણ લીધા (૧) આગળના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આપનો વિશ્વાસુ,

(એન.એસ.વસાવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

"વ્હાલી દીકરી" યોજનાની જોગવાઈઓમાં સુધારા કરી સંકલિત ઠરાવ પ્રસિદ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦/૦૯/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) મહિલા બાળ વિકાસનો તા.૧૯/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) મહિલા બાળ વિકાસનો તા.૦૮/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:મસક/૪૨૨૦૨૦/૯૮૩/અ.

(૩) મહિલા બાળ વિકાસનો તા.૧૨/૦૧/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૪) મહિલા બાળ વિકાસનો તા.૦૬/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મસક-૧૩૨૦૧૯-૧૧૮૧-અ.

(૫) મહિલા બાળ વિકાસનો તા.૦૪/૦૪/૨૦૨૨નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૬) કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૨/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક:-કમબ/યજન/ગસ્વ/જવ/૪૪૩૦ થી ૪૪૩૧/૨૦૨૨૨૩

**પ્રસ્તાવના:-**

ગુજરાત રાજ્યમાં દીકરીના જન્મદર અને તેઓના શિક્ષણમાં વધારો કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાને સાર્થક કરવા માટેના ઉન્નત પ્રયત્નો રૂપે રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ઉક્ત ક્રમાંક-૧ના તા.૧૯/૧૧/૨૦૧૯ના ઠરાવથી "વ્હાલી દીકરી" યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના દીકરીના જન્મદરને વધારવા તેમજ તેના શિક્ષણને સુનિશ્ચિત કરવા રાજ્યવ્યાપી અભિયાન રૂપે શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભૃણ હત્યા અટકાવવા, કન્યાશિક્ષણને ઉત્તેજન આપવા અને સમાજમાં સ્ત્રીઓના સ્થાનને વધુ મજબૂત બનાવવાના મૂળભૂત ઉદ્દેશોને સિદ્ધ કરવા અને યોજનાના સુચારૂ વહીવટી સંચાલન માટે આ યોજનાના મૂળ ઠરાવમાં ઉક્ત ક્રમાંક:૦૨ થી ૦૪ સામે વંચાણે લીધેલ ઠરાવોથી ઉમેરો/સુધારા કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત યોજના સંદર્ભે અમલીકરણ વ્યવસ્થાપન સુદ્દઢ બને તે હેતુથી, આ યોજના અંગેના તમામ ઠરાવોની જોગવાઇ સંકલિત સ્વરૂપમાં પ્રસિદ્ધ કરવાની આવશ્યકતા જણાયેલ છે. ઉપરાંત પ્રસ્તુત યોજનાના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ નિવારવા,યોજનાનો વ્યાપ વધારવા અને અમલીકરણને પારદર્શક બનાવવાના હેતુથી યોજનાની જોગવાઇઓમાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક:- ૧ થી ૩ અને ૫ ના ઠરાવો રદ કરી, અદ્યતન અને જરૂરી જોગવાઇઓ આમેજ કરી નિમ્નલિખિત સંકલિત ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઠરાવ:-

**(ક) ઉદ્દેશ**

૧. દીકરીનો જન્મ દર વધારવો

૨. દીકરીના શિક્ષણને ઉત્તેજન આપવા અને ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવો.

૩. દીકરી/સ્ત્રીનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું.

૪. બાળલગ્ન અટકાવવા.

**(ખ) લાભાર્થીની પાત્રતા**

૧. આ યોજના તા.૦૨/૦૮/૨૦૧૯થી અમલમાં મુકવામાં આવે છે. આથી તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દીકરીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૨. દંપતિની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

૩. અપવાદરૂપ કિસ્સામાં બીજી/ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતાં વધારે દીકરીઓનો જન્મ થાય અને દંપતિની દીકરીઓની સંખ્યા ત્રણ કરતાં વધુ થતી હોય તો પણ તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૪. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ની જોગવાઈઓ મુજબ પુખ્ત વયે લગ્ન કરેલ હોય તેવા દંપતિની દીકરીને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૫. આ યોજના અંતર્ગત લાભ મેળવવા માંગતા દંપતિની (પતિ-પત્નીની સંયુકત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી બંન્ને વિસ્તારો માટે એક સમાન ₹૨,૦૦,૦૦૦/-(રૂ. બે લાખ પુરા) કે તેથી ઓછી હોવી જોઈએ. આવક મર્યાદાની પાત્રતા લાભાર્થીના જન્મના તરત આગળના ૩૧ માર્ચના રોજ પૂર્ણ થતા વર્ષના સંદર્ભમાં લક્ષમાં લેવાની રહેશે.

૬. એકલ માતા/પિતા (સિંગલ પેરેન્ટ જેવા કે વિધવા/વિધુર/ત્યક્તા/છૂટાછેડા થયેલ) ના કિસ્સામાં એકલ માતા/ પિતાની આવક ઉક્ત મર્યાદા મુજબ ધ્યાને લેવાની રહેશે.

૭. છુટાછેડાના કેસમાં માતા કે પિતા પૈકી જેની પાસે દીકરીની કસ્ટડી હોય તેની આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે. છૂટાછેડા/ત્યક્તા/વિધુર/વિધવા થયા બાદ પુનઃલગ્ન કરેલ હોય અને અગાઉના લગ્નથી થયેલ દીકરીની કસ્ટડી હોય તો તે દંપતિની સંયુક્ત આવક મર્યાદા ગ્રાહ્ય રાખવાની રહેશે.

૮. કોઇ કારણોસર માતા-પિતા હયાત ન હોય તેવી અનાથ દીકરીના કિસ્સામાં તેના કુટુંબના હયાત અન્ય સભ્યો નીચેના અગ્રતાક્રમ મુજબ વાલી(ગાર્ડીયન) તરીકે લાભાર્થી દીકરી માટે અરજી કરી શકશે.

   ૧. લાભાર્થી દીકરીના દાદા કે દાદી.

   ૨. લાભાર્થી દીકરીના અવસાન પામેલ પિતાના પરણિત/અપરણિત ભાઇ/ભાઇઓ અને તેમની પત્ની પૈકી કોઇ એક.

   ૩. લાભાર્થી દીકરીના અવસાન પામેલ પિતાની પરણિત/અપરણિત બહેન/બહેનો પૈકી કોઇ એક.

   ઉક્ત કુટુંબના સભ્યો પૈકી કોઇ હયાત ન હોવાના અસાધારણ કિસ્સાઓમાં સૌથી નજીકના કુટુંબના સભ્યએ ખાસ કિસ્સા તરીકે અરજી કરવાની રહેશે.

૯. સરકારમાન્ય અનાથાલય કે અન્ય સમાજસેવી સ્વૈચ્છિક સંસ્થાઓની આશ્રિત ત્યકતા દીકરી/અનાથ દીકરીના કિસ્સામાં જે તે સંસ્થા લાભાર્થી દીકરી વતી અરજી કરી શકશે.

૧૦. ઉક્ત નિયમ ૮ અને ૯ હેઠળની અરજીઓમાં લાભાર્થી દીકરીનું રાષ્ટ્રીયકૃત બેન્કમાં બચત ખાતુ(સગીર) હોવું જોઇશે અને તે જ ખાતામાં સહાયની રકમ જમા કરવાની રહેશે.

૧૧. અનાથ દીકરીના કિસ્સામાં સંબંધિત વાલી(ગાર્ડીયન)ના આવકના પ્રમાણપત્રને ધ્યાને લેવાનુ રહેશે.

૧૨. દત્તક લીધેલ દીકરીના કિસ્સામાં દત્તક લીધેલ દંપતિની આવક મર્યાદા ગ્રાહ્ય રાખવાની રહેશે.

**(ગ) યોજના હેઠળ અરજી કરવાની અને અરજી મંજુરીની પ્રક્રિયા**

૧. “વ્હાલી દીકરી” યોજનાનું અરજીપત્રક ગ્રામપંચાયત કચેરીના e-Gram સેન્ટર, તાલુકા મામલતદાર કચેરી,મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી અને મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઇટ https://wcd.gujarat.gov.in પરથી ઉપલબ્ધ થઇ શકશે. અરજીનો નમૂનો આ ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબનો રહેશે. લાભાર્થીએ જરૂરી આધાર પુરાવા સહિત નિયત નમુનામા સદરહું અરજી

જનસેવા કેન્દ્ર અથવા e-Gram સેન્ટર પર જમા કરાવી શકશે.ઉપરાંત www.digitalgujarat.gov.in પરથી ઓનલાઈન અરજી પણ કરી શકશે.

૨. તા.૨/૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દીકરીના કુટુંબીજનો દ્વારા દીકરી જન્મના એક વર્ષની સમય મર્યાદામાં આધાર પુરાવા સહિત નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

૩. અરજદાર અરજી આપે ત્યારે તેની અરજીની ઓનલાઇન નોંધણીક્રમાંક દર્શાવતી પહોંચ અરજદારને સ્થળ પર જ આપવાની રહેશે. આ બાબતનું અમલીકરણ સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લાના મહિલા અને બાળ અધિકારીની રહેશે.

૪. e-Gram સેન્ટરના VCE, તાલુકા મામલતદાર કચેરીનાં જનસેવા કેન્દ્રના ઓપરેટર અને મહિલા અને બાળ અધિકારીની કચેરીનાં ઓપરેટર દ્વારા અરજી મળ્યેથી અરજીની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

૫. આ યોજના અંતર્ગત સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી સંબંધિત જિલ્લાના મહિલા અને બાળ અધિકારી ગણાશે.

૬. સંબંધિત ફિલ્ડ ઓફિસરે ઓનલાઈન અરજીની ચકાસણી અને ખરાઇ કરી દિન-૧૫માં દહેજ પ્રતિબંધક અધિકારીને મોકલી આપવાની રહેશે. દહેજ પ્રતિબંધક અધિકારી અરજીના વેરીફાય-૨ તરીકે કામગીરી કરશે. તેઓએ દિન-૧૦માં અરજીની ચકાસણી અને ખરાઇ કરીને જિલ્લાના મહિલા અને બાળ અધિકારીને મોકલી આપવાની રહેશે. જિલ્લાના મહિલા અને બાળ અધિકારી દિન-૧૦માં અરજી મંજુર કે નામંજુર કરવાની રહેશે. અરજી પરત્વે થયેલ નિર્ણયની અરજદારને ઓનલાઈન જાણ કરવાની રહેશે.

૭. પ્રસ્તુત ઠરાવની જોગવાઇ ક્રમાંક ખ(૮)અને (૯) હેઠળની અરજીઓમાં લગ્ન નોંધણી પ્રમાણપત્ર તથા અરજી સંબંધિત અન્ય જરૂરી દસ્તાવેજો અંગે મુક્તિ આપવાની વિચારણા કરી ખાસ કિસ્સામાં મુક્તિ આપવાની સત્તા નિયામકશ્રી(મહિલા કલ્યાણ)ની રહેશે. જે તે જિલ્લાના મહિલા અને બાળ અધિકારીએ ખાસ કિસ્સામાં મુક્તિ આપવાની દરખાસ્ત નિયામકશ્રી(મહિલા કલ્યાણ)ને મોકલવાની રહેશે.

૮. મહિલા અને બાળ અધિકારી દ્વારા માસ દરમિયાન મળેલ કુલ અરજીના ઓછામાં ઓછી ૧૦% અરજીની રૂબરૂ ચકાસણી ફિલ્ડ ઓફિસર/સ્ટાફ દ્વારા કરાવવાની રહેશે.

૯. આ યોજનાના અરજી ફોર્મ સાથે અરજદારે નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૧) લાભાર્થી દીકરીના જન્મનું પ્રમાણપત્ર.

(૨) લાભાર્થી દીકરીનું આધારકાર્ડ.

(૩) લાભાર્થી દીકરીના માતા-પિતાના આધારકાર્ડ.

(૪) લાભાર્થી દીકરીના માતા-પિતાનું લગ્નનોંધણી પ્રમાણપત્ર.

(૫) લાભાર્થી દીકરીના માતા-પિતાની અથવા એકલ માતા/પિતા/વાલી દ્વારા અરજીના કિસ્સામાં કુલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર (ગ્રામ પંચાયત તલાટી અથવા મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી અથવા ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ)

(૬) લાભાર્થી દીકરી અથવા માતા/પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ.

(૭) રેશનકાર્ડ.

(૮) નિયત નમુના મુજબ સ્વ-ઘોષણા.(અનુસૂચિ-૨)

(૯) અનાથાલય/ સ્વૈચ્છિક સંસ્થા તરફથી અરજીના કિસ્સામાં સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦/ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ હોવાના આધાર પુરાવાઓ.

૧૦. મહિલા અને બાળ અધિકારીશ્રીને અરજી મળ્યેથી જરૂરી ચકાસણી કરી આ સાથેના નિયત નમુનામાં મંજુરી અંગેનો આદેશ કરવાનો રહેશે. (અનુસૂચિ-૩)

૧૧. અરજી અન્વયે લેવાયેલ નિર્ણય વિરુદ્ધ અરજદારશ્રી સંબંધિત પ્રાદેશિક નાયબ નિયામકની કચેરી(મહિલા કલ્યાણ)ને નિર્ણયની જાણ થયાના ૬૦ દિવસમાં અપીલ કરી શકશે. પ્રાદેશિક નાયબ નિયામકે જે તે જિલ્લાના મહિલા અને બાળ અધિકારીની કચેરીમાં રૂબરૂ ઉપસ્થિત રહી અપીલની સુનાવણીની કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. "વ્હાલી દીકરી" યોજનાની નાણાકીય અમલીકરણની નોડલ એજન્સી ભારતીય જીવન વીમા નિગમ (LIC of India) રહેશે.

૧૩. આ યોજનાની અરજી ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે ઓનલાઈન કરવા માટે જરૂરી વ્યવસ્થાપન કરવાની જવાબદારી નિયામકશ્રી(મહિલા કલ્યાણ)ની રહેશે.

૧૪. ઈ-ગ્રામ કેન્દ્રો મારફત મળતી સેવા અરજી દીઠ ₹૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) લેખે પુરી પાડવામાં આવશે ઈ-ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા વસુલ કરવામાં આવનાર ₹૨૦ની આંતરીક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક – VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | ₹૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | ₹૦૪/- |
| | કુલ | ₹૨૦/- |

૧૫. લાભાર્થી દીકરીને અંતિમ ચૂકવણી થાય ત્યાં સુધી અરજીને સંબંધિત તમામ વિગતો આ સાથેના અનુસૂચિ-૪ મુજબ જાળવવાની રહેશે.

**(ઘ) આ યોજના હેઠળ મળવાપાત્ર લાભ**

૧. "વ્હાલી દીકરી" યોજના અંતર્ગત,

(૧) પ્રથમ હપ્તો- દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે ₹૪૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

(૨) બીજો હપ્તો-દીકરીના નવમાં ધોરણમાં પ્રવેશ વખતે ₹૬૦૦૦/-ની સહાય મળવાપાત્ર થશે.

(૩) આખરી હપ્તો-દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ / લગ્ન સહાય તરીકે કુલ ₹૧,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.પરંતુ દીકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઇએ.

૨. ૧૮ વર્ષની વય અગાઉ દીકરીના મૃત્યુના કિસ્સામાં "વ્હાલી દીકરી" યોજના અંતર્ગત બાકી રહેતી સહાય મળવાપાત્ર રહેશે નહી.

૩. અરજદારે અરજીમાં દર્શાવેલ મુખ્ય કમાનાર વ્યક્તિનું ૧૮ થી ૬૦ વર્ષની વય દરમ્યાન નિધન થાય તો ભારતીય જીવન વીમા નિગમ સાથે થયેલ MoU મુજબ વિમાની રકમ ₹૧૦,૦૦૦/- લાભાર્થી દીકરીને મળવાપાત્ર રહેશે. આવા કિસ્સાઓમાં નિધન પામનાર મુખ્ય કમાનાર વ્યક્તિના મૃત્યુનો દાખલો અને જન્મતારીખના પુરાવા સાથે મહિલા અને બાળ વિકાસ અધિકારીને અરજી મોકલી આપવાની રહેશે.

**(ચ) ચૂકવણીની પ્રક્રિયા.**

૧. પ્રત્યેક નાણાકીય વર્ષના લાભાર્થીઓને ચૂકવવાપાત્ર હપ્તા અંગેની નિયત પાત્રતા અંગેની ખરાઇ કરવાની જવાબદારી સંબંધિત મહિલા અને બાળ અધિકારીની રહેશે.

૨. લાભાર્થીને ચૂકવવાપાત્ર પ્રત્યેક હપ્તા અંગેની નિયત પાત્રતા અંગેની ખરાઇ થયા બાદ આ યોજનાની નાણાકીય નોડલ એજન્સી દ્વારા ચૂકવણું કરવાનું રહેશે.

**(છ) નાણાકિય જોગવાઈ**

આ યોજના માટે બજેટ સદર નીચે મુજબનું રહેશે.

૧૦૬ – માંગણી ક્રમાંક, ૨૨૩૫ – સમાજ સુરક્ષા અને કલ્યાણ, ૦૨ – સમાજ કલ્યાણ, ૧૦૩ – સ્ત્રીઓનું કલ્યાણ, ૪૭ – "વહાલી દીકરી" યોજના સહાય.

**(જ) પ્રચાર-પ્રસારની જોગવાઈ**

"વ્હાલી દીકરી" યોજના અંતર્ગત પ્રચાર–પ્રસાર માટે અલગથી જોગવાઇ કરાવવાની રહેશે નહી. મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓના પ્રચાર પ્રસાર માટેની અંદાજપત્રીય જોગવાઇ માંથી ખર્ચ કરવાનો રહેશે.

**(ઝ) રેકર્ડની જાળવણી તથા હિસાબો**

લાભાર્થીઓની નોંધણી તથા સહાયની ચુકવણી www.digitalgujarat.gov.in મારફત કરવાની રહેશે.

**(ટ) પ્રકીર્ણ જોગવાઈ**

આ યોજનાના સુચારૂ સંચાલન સંબંધી કોઈ વહીવટી પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેના નિર્ણય લેવાની સત્તા કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની રહેશે. પરંતુ યોજનાની કોઇ નીતિ વિષયક બાબત અંગે વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક:૧ થી ૩ અને ૫ સામેના ઠરાવો પ્રસ્તુત ઠરાવની પ્રસિદ્ધિ તારીખથી રદ્દ ગણવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૧૯/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મનીષા પટેલ)
સરકારના નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી(મહિલા વિંગ), મહિલા અને બાળ કમિશનરની કચેરી,બ્લોક નં-૨૦ ડૉ.જીવરાજ મહેતા ભવન મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મહિલા અને બાળ અધિકારીશ્રીઓ
- સર્વે દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી
- સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી/સીડીપીઓશ્રી

} નિયામકશ્રી (મહિલા કલ્યાણ) મારફત

- સિલેકટ ફાઈલ.

(તા.૨૦/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.) સાથેનું બિડાણ)

અનુસૂચિ -૧

વિના મૂલ્યે

ઓનલાઇન અરજી ક્રમાંક:.............

કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી,
ગુજરાત રાજય ગાંધીનગર
વ્હાલી દિકરી યોજના

લાભાર્થી
દિકરીનો
તાજેતરનો
પાસપોર્ટ

## અરજી પત્રક

અરજી કર્યાની તારીખ:..................

પ્રતિ,
મહિલા અને બાળ અધિકારીશ્રી,
..................................જિલ્લો,
..................................

હું નીચે સહી કરનાર ........................................................................આથી મહિલા અને બાળ વિકાસ વિભાગની "વ્હાલી દીકરી યોજના" હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરું છું અને તે સંબંધમાં નીચેની વિગતો આપું છું. જે મારી જાણ મુજબ સંપૂર્ણ માચી છે

૧. લાભાર્થી દિકરીનું નામ.........................................................................
   પિતાનું નામ............................................માતાનું નામ.................................
   વાલી/ગાર્ડીયનનું નામ................................
   અનાથાશ્રમ/સ્વૈચ્છિક સંસ્થાનું નામ.........................................................
   અનાથાશ્રમ/સ્વૈચ્છિક સંસ્થાનો નોંધણી ક્રમાંક...................................................
૨. લાભાર્થી દિકરીની ઉમર ........................જન્મ તારીખ:..........................................
૩. પાકું સરનામું – ઘર નંબર.......... ....શેરી:................. વોર્ડ નં.....................ગામ.............
   તાલુકો.................જિલ્લા..................પોસ્ટ ઓફીસ:...................પીનકોડ નંબર...........
૪ મોબાઇલ નંબર-.........................................લેન્ડલાઈન નંબર.................................
૫. લાભાર્થી દિકરીના માતા-પિતા ગુજરાત રાજયમાં કયારથી વસવાટ કરે છે? – કાયમી/..........વર્ષથી
૬. લાભાર્થી દિકરીના માતા અને પિતાની સંયુક્ત વાર્ષિક આવક રૂ..............................
   (લાભાર્થી દિકરીના માતા અને પિતાની સંયુક્ત વાર્ષિક આવક ગણવાની રહેશે)
૭. ખાસ કિસ્સામાં (૧) એકલ માતા/પિતા (૨) વાલી(ગાર્ડીયન)ની વાર્ષિક આવક:-.................
૮. જ્ઞાતિ:અનુ.જાતિ/અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વ./ અન્ય (લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.)
૯. લગ્નનોંધણી પ્રમાણપત્ર ક્રમાંક:................................................
૯. લાભાર્થી દિકરીનો આધાર નંબર ..........................................................
૧૦. લાભાર્થી દિકરીના પિતાનો આધાર નંબર.................................................
૧૧.લાભાર્થી દિકરીની માતાનો આધાર નંબર..................................................

૧૨. એકલ માતા-પિતા કે વાલી(ગાર્ડીયન)નો આધાર નંબર....................................................

૧૩. કુટુંબના મુખ્ય કમાવનાર વ્યક્તિ (લાગુ પડતુ હોય તે ટીક કરવુ) પિતા ☐ માતા ☐

(કોલમ ૧૩ માં જાહેર કરેલ વાલીના મૃત્યુના કિસ્સામાં રૂ. ૧૦,૦૦૦/- નું વિમા કવચ લાભાર્થી દીકરીને મળવા પાત્ર છે)

૧૪. કુટુંબના સભ્યોની વિગત:

| ક્રમ | નામ | અરજદાર સાથેનુ સગપણ | અભ્યાસ | જન્મ તારીખ | ઉંમર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

## એકરારનામું

(૧) આથી અમો નીચે સહી કરનાર મારા ધર્મ પ્રમાણે સોગંધ લઇ એકરાર કરીએ છીએ કે, ઉપરોક્ત હકીકત સંપુર્ણ સત્ય છે અને તેમાં કોઇ ફેરફાર ભવિષ્યમાં થશે તો તેની જાણ કરવા બાહેંધરી આપીએ છીએ. ખોટુ એકરારનામું કરવું તે ફોજદારી ગુનો બને છે તેની અમોને સમજ છે.

(૨) અમો આ યોજનામાં ચકાસણી, ચુકવણી તથા અન્ય યોજનાકીય હેતુ માટે આધાર નંબરનો ઉપયોગ કરવા સંમતિ આપીએ છીએ.

સ્થળ..............

તારીખ..............

.....................................

(અરજી કરનારની સહી)

## અરજી સાથે નીચેના પુરાવા રજુ કરવાના રહેશે (ચેક લીસ્ટ)

(૧) લાભાર્થી દીકરીના જન્મનું પ્રમાણપત્ર.

(૨) લાભાર્થી દીકરીનું આધારકાર્ડ.

(૩) લાભાર્થી દીકરીના માતા-પિતાના આધારકાર્ડ.

(૪) લાભાર્થી દીકરીના માતા-પિતાનું લગ્નનોંધણી પ્રમાણપત્ર.

(૫) લાભાર્થી દીકરીના માતા-પિતાની અથવા એકલ માતા/પિતા/વાલી દ્વારા અરજીના કિસ્સામાં કુલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર (ગ્રામ પંચાયત તલાટી અથવા મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીઅથવા ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ)

(૬) લાભાર્થી દીકરી અથવા માતા/પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ.

(૭) રેશનકાર્ડ.

(૮) નિયત નમુના મુજબ સ્વ-ઘોષણા.(અનુસૂચિ-૨)

(૯) અનાથાલય/ સ્વૈચ્છિક સંસ્થા તરફથી અરજીના કિસ્સામાં સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦/ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ હોવાના આધારપુરાવાઓ.

(તા.૨૦/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.) સાથેનું બિડાણ)

અનુસૂચિ -૨

## વહાલી દિકરી યોજના અન્વયે સ્વ-ઘોષણા (Self Declaration) નો નમુનો

આથી અમો નીચે સહી કરનારા પતિ/વાલી/નું નામ.............................................ઉ.વર્ષ ........... જન્મ તારીખ...................... પત્નીનું નામ :.......................................................................... ઉ.વ ........... જન્મ તારીખ...................... છે. અમો ..........................................ગામ/શહેર, .................. તાલુકા, ........................ જિલ્લાના રહેવાસી છીએ. અમો સ્વ-ઘોષણા કરી જાહેર કરીએ છીએ કે,

(૧) અમો પતિ/પત્નિ/બન્ને/વાલી મુળ ગુજરાત રાજ્યના વતની છીએ.

(૨) અમારી સંયુક્ત/એકલ વાર્ષિક આવક રૂ. ..................................છે.

(૩) વહાલી દિકરી યોજના હેઠળ અમોની/લાભાર્થી દીકરીને મળનાર સહાય અમોએ જે-તે સમયે ફોર્મમાં દર્શાવેલ આધાર સીડેડ બેંક ખાતામાં મળે તેના માટે અમો સંમત છીએ.

(૪) અમો આ યોજના સંદર્ભે અમારા આધાર કાર્ડ અને અન્ય વિગતોનો ઉપયોગ કરવા ગુજરાત સરકારને સંમતિ આપીએ છીએ.

(૫) અમારા હયાત બાળકોની વિગત નીચે મુજબ છે. **

| સંતાનનો ક્રમ | નામ | જાતિ (પુરૂષ/સ્ત્રી) | જન્મ તારીખ | ઉંમર વર્ષ |
|---|---|---|---|---|
| પ્રથમ | | | | |
| દ્વિતીય | | | | |
| તૃતીય | | | | |

અમારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે તદ્‌ઉપરાંત આવા સંજોગોમાં ખોટી માહિતી કે દસ્તાવેજના આધારે અમોને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સ્થળ................................ દીકરીના પિતા/વાલીની સહી ....................

તારીખ...../......./.............. દીકરીના માતાની સહી..........................

(તા.૨૦/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.) સાથેનું બિડાણ)

અનુસૂચિ -૩

હુકમ ક્રમાંક:

મહિલા અને બાળ અધિકારીની કચેરી

જિલ્લો.......................................

તા..........................................

વ્હાલી દિકરી યોજના મંજુરી હુકમ

(૧) લાભાર્થી દિકરીનું નામ.................................. દિકરીની જન્મ તારીખ.................................

દિકરીની માતાનું નામ.............................. દિકરીના પિતાનું નામ.....................................

પુરુ સરનામું : ઘર નંબર.. ..................... સોસાયટી / શેરીનું નામ......................................

વોર્ડ નં.. .......... .......... ગામનું નામ.. .............................ગ્રામ પંચાયત / ન.પા / મ.ન.પાનું

નામ................................. તાલુકો.......... ......................જિલ્લો...................................

પીનકોડ નંબર........................................દ્વારા વ્હાલી દિકરી યોજના અંતર્ગત તા...................

થી અરજી કરેલ છે.

(૨) સદરહુ લાભાર્થીના કુટુંબની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કુટુંબના સભ્યનું નામ | અરજદાર સાથેનું સગપણ | જન્મ તારીખ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

(૩) લાભાર્થીદિકરીનો આધાર નંબર

(૪) લાભાર્થી દિકરીના પિતાનો આધાર નંબર

(૫) લાભાર્થીદિકરીની માતાનો આધાર નંબર..

(૬) ખાસ કિસ્સાઓમાં એકલ માતા-પિતા/ વાલી-ગાર્ડીયનનો આધારનંબર

(૭) અનાથાલય/ સ્વૈચ્છિક સંસ્થા તરફથી અરજીના કિસ્સામાં સંસ્થાનો નોંધણી નંબર

(૮) લાભાર્થી દિકરીના ૧૮ વર્ષ પૂર્ણ થવાની તારીખ ..............................................................

(૯) ઉક્ત અરજીની ચકાસણી કરાવતાં વ્હાલી દિકરી યોજન ની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ પાત્રતા ધરાવતા  હોવાથી મંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

(૧૦) લાભાર્થી દિકરીના વાલી દ્વારા શાળામાં પ્રવેશ મેળવ્યા બાબતનુ શાળાના આચાર્યનું પ્રમાણપત્ર રજુ કર્યેથી પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦ તેમજ નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬000 તેમજ કોલમ નંબર (૮) માં દર્શાવેલ તારીખે (૧૮ વર્ષ પૂર્ણ કરેલ તારીખે) રૂ.૧.૦૦ લાખની સહાય ચુકવવામાં આવશે.

(૧૧) લાભાર્થીના વાલી દ્વારા ખોટી માહિતી આપી સહાય મેળવેલ હશે તો, ચુકકવાયેલ રકમની વસુલાત ઉપરાંત તેમની વિરુધ્ધ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મહિલા અને બાળ અધિકારી

જિ.........................

તારીખ-..................

સ્થળ-...................

પ્રતિ, (રજી.પોસ્ટ દ્વારા)

..................................(પ્રતિ..લાભાર્થી)

નકલ રવાના:-

(૧) નાણાકીય સંસ્થા..........................................................................................

(તા.૨૦/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.) સાથેનું બિડાણ)

## અનુસૂચિ-૪

"વ્હાલી દિકરી" યોજના અન્વયે અરજદાર લાભાર્થીની વિગતો અંગેનું પત્રક

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧ | માતાનું નામ: | |
| ૨ | પિતાનું નામ: | |
| ૩ | વાલી(ગાર્ડીયન)નું નામ: (લાગુ પડતુ હોય તો:- | |
| ૪ | કાયમી સરનામું: | |
| ૫ | ગામનું નામ: | |
| ૬ | તાલુકો | |
| ૭ | જિલ્લો: | |
| ૮ | એકલ માતા-પિતા/વાલી ગાર્ડીયન) ની કુલ વાર્ષિક આવક: | |
| ૯ | માતાનો આધાર નંબર: | |
| ૧૦ | પિતાનો આધાર નંબર | |
| ૧૧ | વાલી (ગાર્ડીયન)નો આધાર નંબર: | |
| ૧૨ | પ્રથમ લાભાર્થીની વિગત: | |
| | નામ: | |
| | જન્મ તારીખ: | |
| | આધાર નંબર: | |
| | પ્રથમ ધોરણનું વર્ષ : | |
| | શાળાનું નામ: | |
| | રૂ. ૪૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | બેંક એકાઉન્ટની વિગતો | |
| | નવમાં ધોરણનું વર્ષ: | |
| | શાળાનું નામ: | |
| | રૂ.૬૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | ૧૮ વર્ષ પુરા થવાનું વર્ષ | |
| | રૂ. ૧.૦૦ લાખની સહાય ચુકવ્યાની તારીખ | |
| ૧૩ | દ્વિતીય લાભાર્થીની વિગત | |
| | નામ: | |
| | જન્મ તારીખ: | |

| | | |
|---|---|---|
| | આધાર નંબર: | |
| | પ્રથમ ધોરણનું વર્ષ : | |
| | શાળાનું નામ: | |
| | રૂ. ૪૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | બેંક એકાઉન્ટની વિગતો | |
| | નવમાં ધોરણનું વર્ષ: | |
| | શાળાનું નામ: | |
| | રૂ.૬૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | ૧૮ વર્ષ પુરા થવાનું વર્ષ | |
| | રૂ. ૧.૦૦ લાખની સહાય ચુકવ્યાની તારીખ | |
| ૧૪ | તૃતીય લાભાર્થીની વિગત: | |
| | નામ: | |
| | **જન્મ તારીખ** | |
| | પ્રથમ ધોરણનું વર્ષ: | |
| | શાળાનું નામ: | |
| | રૂ.૪૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | નવમાં ધોરણનું વર્ષ: | |
| | શાળાનું નામ : | |
| | રૂ.૬૦૦૦ની સહાય ચુકવ્યા તારીખ: | |
| | ૧૮ વર્ષ પુરા થવાનું વર્ષ : | |
| | રૂ.૧.૦૦ લાખની સહાય ચુકવ્યાની તારીખ: | |